Seat No. : _______________

# TW-101

**M.Com. Sem.-I**
**May-2013**

## 406 – Accounting For Managers

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. (અ) નાણાકીય પત્રકોનાં વપરાશકારો વિશે ચર્ચા કરો. **7**

**અથવા**

કંપની ધારાનાં પરિશિષ્ટ 6 મુજબ ઊભા પાકા સરવૈયાનું માળખું બનાવો.

(બ) કોઈપણ **બે**નાં ટૂંકમાં જવાબ આપો : **4**

(i) 'હિસાબી સિદ્ધાંત'નો અર્થ સમજાવો.

(ii) મહત્ત્વતાનાં સિદ્ધાંતની વ્યાખ્યા આપો.

(iii) રૂઢિચુસ્તતાનાં ખ્યાલની વ્યાખ્યા આપો.

(ક) ખાલી જગ્યા પૂરો : **3**

(i) જ્યારે સમગ્ર પાકા સરવૈયાને ટકાવારી સ્વરૂપે દર્શાવવામાં આવે છે, ત્યારે તેને ______ કહેવામાં આવે છે.

(ii) આંતરરાષ્ટ્રીય નાણાકીય હિસાબી પ્રમાણ 4 (IFAS 4) ______ ને લગતું છે.

(iii) 'હિસાબી નીતિઓનું પ્રગટીકરણ' તે હિસાબી ધોરણ નં. _______ છે.

2. (અ) નીચે આપેલ ગુણોત્તરોનાં આધારે મહેંદ્ર લિ.નું તા. 31st ડિસેમ્બર 2010 નાં રોજ પૂરા થતા વર્ષનું પાકું સરવૈયું બનાવો. તમે કરેલી બધી ગણતરી અને ધારણા દર્શાવો : **7**

| | |
|---|---|
| ચાલુ ગુણોત્તર | 2.5 |
| પ્રવાહી ગુણોત્તર | 1.5 |
| ચોખ્ખી કાર્યશીલ મૂડી | ₹ 6,00,000 |
| સ્ટોક ફેરબદલી ગુણોત્તર | 5 |
| કાચા નફાનો વેચાણ પર દર | 20% |
| વેચેલ માલની પડતર/ચોખ્ખી કાયમી મિલકત | 2 |
| સરેરાશ ઉઘરાણી મુદત્ત | 2.4 માસ |
| કાયમી મિલકતો/ચોખ્ખું મૂલ્ય | 0.80 |
| લાંબા ગાળાનું દેવુ/મૂડી વત્તા અનામત | 7/25 |

**અથવા**

આર્થિક મૂલ્ય વૃદ્ધિ ઉપર નોંધ લખો.

(બ) કોઈપણ **બે**નાં જવાબ આપો : **4**

(i) ભંડોળ પ્રવાહ પત્રક અને રોકડ પ્રવાહ પત્રક વચ્ચેનાં કોઈપણ બે તફાવતો જણાવો.

(ii) ચાલુ ગુણોત્તર અને પ્રવાહી ગુણોત્તર વચ્ચેનો તફાવત જણાવો.

(iii) નફાકારકતાનાં તમામ ગુણોત્તરોનાં નામ આપો.

(ક) નીચેનાં ખોટા વિધાનોને સાચા કરી ફરી લખો : **3**

(i) રોકડ પ્રવાહ પત્રકને હિસાબી ધોરણ 1 મુજબ બનાવવું ફરજિયાત છે.

(ii) સાંચા અને યંત્રો અને લાંબાગાળાની મિલકતનાં નિકાલથી થયેલ રોકડ આવક એ સંચાલકીય પ્રવૃત્તિ છે.

(iii) ચોખ્ખા નફાનો ગુણોત્તર એ લિવરેજ ગુણોત્તર છે.

3. (અ) મૂલ્ય વૃદ્ધિ અને નફા-નુકસાન ખાતા વચ્ચેનો તફાવત સમજાવો. **7**

**અથવા**

માનવ સંપત્તિનાં હિસાબોની જરૂરિયાત કેટલે અંશે છે ? ચર્ચો.

(બ) કોઈપણ **બે** નાં જવાબ આપો : **4**

(i) ફુગાવાનાં હિસાબો માટે કઈ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે તે જણાવો.

(ii) એક કંપનીએ નાણાકીય વર્ષની શરૂઆતમાં જ્યારે ભાવનો સૂચકઆંક 200 હતો ત્યારે ₹ 10,00,000 નાં રોકાણોની ખરીદી કરી. વર્ષનાં અંતે જ્યારે ભાવનો સૂચકઆંક વધીને 240 થયો ત્યારે રોકાણોની બજાર કિંમત ₹ 11,00,000 હતી. વર્ષનાં અંતે ખરીદ શક્તિનાં આધારે નફો કે નુકસાન શોધો.

(iii) સામાજીક હિસાબી પદ્ધતિનો અર્થ સમજાવો.

(ક) નીચેનાં વિધાનો **ખરા** છે કે **ખોટા** તે જણાવો, ખોટા વિધાનોને સુધારી સાચા લખો : **3**

(i) ફુગાવાલક્ષી હિસાબી પદ્ધતિમાં સામાન્ય તથા વિશિષ્ઠ - બેય પ્રકારનાં ભાવનાં ફેરફારની અસરને ધ્યાનમાં લેવામાં આવે છે.

(ii) પર્યાવરણ હિસાબી પદ્ધતિમાં કુદરતી સાધનો ઉપર ઘસારો ગણવાની જરૂર નથી.

(iii) વેચાણ કિંમત અને વસ્તુની ઉત્પાદન પડતર વચ્ચેનો તફાવત એટલે એકમ દીઠ મૂલ્ય વૃદ્ધિ.

4. (અ) અંદાજપત્રીય અંકુશનાં લાભાલાભ ચર્ચો. **7**

**અથવા**

જયંતિ લિ.ની નીચેની માહિતીનાં આધારે એકમમાં તથા રકમમાં સમતૂટ બિંદુ અને સલામતીનો ગાળો શોધો :

| | ₹ | ₹ | ₹ |
|---|---|---|---|
| અંદાજીત વેચાણ (1,00,000 એકમો) | | 20,00,000 | |
| બાદ : ચલિત પડતર | 12,00,000 | | |
| સ્થિર પડતર | 4,00,000 | 16,00,000 | |
| ચોખ્ખો નફો | | | 4,00,000 |

(બ) નીચેનામાંથી કોઈપણ **બે**નાં જવાબ આપો : **4**

(i) 'તફાવત પડતર'નો અર્થ સમજાવો.

(ii) 'ડૂબેલી પડતર' ને ઉદાહરણ સાથે સમજાવો.

(iii) નફા-પડતર-જથ્થા વિશ્લેષણનો અર્થ સમજાવો.

(ક) નીચેનાં પ્રશ્નોનાં ટૂંકમાં જવાબ આપો : **3**

(i) કાર્યાનુસાર વર્ગીકરણ મુજબ અંદાજપત્રનાં જુદા જુદા પ્રકારો જણાવો.

(ii) જ્યારે વેચાણ અને આવકનો ચોક્કસ અંદાજ શક્ય ન હોય, માંગ અચોક્કસ હોય તથા ઉત્પાદનની સપાટી પણ ચલિત હોય, ત્યારે કયું અંદાજપત્ર બનાવવું યોગ્ય કહેવાય ?

(iii) ચલિત પડતરની વ્યાખ્યા આપો.

5. (અ) દિનેશ લિ. બે પ્રકારની વસ્તુ અ અને બ નું ઉત્પાદન કરે છે જેમાં એકસરખી પ્રક્રિયાનો ઉપયોગ થાય છે. ઉત્પાદનની માહિતી નીચે મુજબ છે : **7**

| **વિગત** | **અ** | **બ** |
|---|---|---|
| ઉત્પાદનનાં એકમો | 30,000 | 42,000 |
| એકમ દીઠ પ્રત્યક્ષ મજૂરીનાં કલાકો | 3 | 6 |
| એકમ દીઠ યાંત્રિક કલાકો | 9 | 3 |
| વર્ષ દરમ્યાન કરેલ ગોઠવણીની સંખ્યા | 30 | 120 |
| વર્ષ દરમ્યાન ઓર્ડરની સંખ્યા | 45 | 180 |

**શિરોપરી ખર્ચ :**

| | ₹ |
|---|---|
| યાંત્રિક પ્રવૃત્તિનાં | 13,20,000 |
| ઉત્પાદન ગોઠવણીને લગતા ખર્ચા | 1,20,000 |
| ઓર્ડર હાથ ધરવાના ખર્ચા | 2,70,000 |
| | 17,10,000 |

પ્રવૃત્તિ આધારિત પડતર પદ્ધતિ મુજબ ઉત્પાદન શિરોપરી ખર્ચનો એકમદીઠ દર શોધો.

**અથવા**

પડતરનાં પ્રણાલિકાગત અભિગમ તથા પ્રવૃત્તિ આધારિત અભિગમ વચ્ચેનો તફાવત સમજાવો.

(બ) નીચેનામાંથી કોઈપણ **બે**ના ટૂંકમાં જવાબ આપો : **4**

(i) જવાબદારીલક્ષી હિસાબી પદ્ધતિનો અર્થ સમજાવો.

(ii) જવાબદારીલક્ષી હિસાબી પદ્ધતિનાં કેંદ્રોનાં નામ જણાવો.

(iii) ફોરેંસિક હિસાબી પદ્ધતિ એટલે શું તે ટૂંકમાં જણાવો.

(ક) નીચેનાં વિધાનો **ખરા** છે કે **ખોટા** તે જણાવો; ખોટા વિધાનોને સુધારીને ફરી લખો : **3**

(i) જવાબદારીલક્ષી હિસાબી પદ્ધતિ એવા ખ્યાલ પર આધારિત છે કે દરેક ખર્ચ માટે સંસ્થાની કોઈ એક વ્યક્તિ જવાબદાર હોય છે.

(ii) દરેક ફોરેંસિક એકાઉન્ટન્ટ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવા ફરજિયાત છે.

(iii) પડતરની પ્રવૃત્તિ આધારિત પદ્ધતિનું અમલીકરણ પ્રણાલિકાગત પદ્ધતિ કરતા વધુ ખર્ચાળ છે.

Seat No. : _______________

# TW-101

**M.Com. Sem.-I**

**May-2013**

## 406 – Accounting For Managers

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. (A) Discuss who are the various users of financial statements. **7**

**OR**

Draw up the format of Vertical Balance Sheet as per the Schedule VI under the Provisions of Company Act.

(B) Answer in brief any **two** : **4**

(i) Give the meaning of the term 'Accounting Principle'.

(ii) Define the Materiality Principle.

(iii) Define the Conservatism concept.

(C) Fill in the blanks : **3**

(i) When the whole Balance Sheet is converted into percentage form, then such converted Balance Sheet is called a ______.

(ii) The International Financial Accounting Standard (IFAS) 4 deals with ______.

(iii) 'Disclosure of Accounting Policies' is Accounting Standard no. _______.

2. (A) On the basis of the following ratios, prepare Balance Sheet of Mahendra Ltd. as on 31$^{st}$ December 2010. Show all your workings and assumptions. **7**

| | |
|---|---|
| Current ratio | 2.5 |
| Liquidity ratio | 1.5 |
| Networking capital | ₹ 6,00,000 |
| Stock turnover ratio | 5 |
| Rate of gross profit on sales | 20% |
| Cost of goods sold to net fixed assets | 2 |
| Average debt collection period | 2.4 months |
| Fixed assets to net worth | 0.80 |
| Long term debt to capital and reserve | 7/25 |

**OR**

Write a note on Economic Value Added (EVA).

(B) Attempt any **two** : **4**

(i) State any two differences between a Fund Flow statement and a Cash Flow statement.

(ii) Distinguish between Current ratio and Liquid Ratio.

(iii) Give the names of all the possible Profitability ratios.

(C) Rewrite the following false statements correctly : **3**

(i) It is mandatory to prepare the Cash Flow statement in accordance with the Accounting Standard 1.

(ii) Cash receipts from disposal of property, plant and equipment and other long-term assets is an Operating Activity.

(iii) Net Profit ratio is a Leverage Ratio.

3. (A) Explain the difference between Value Added and Profit and Loss Account. **7**

**OR**

How far is the need for Human Resource Accounting justified ? Discuss.

(B) Attempt any **two** : **4**

(i) Name the methods which are used for Inflation Accounting.

(ii) A company purchased investments of ₹ 10,00,000 in the beginning of the financial year when the price index was 200. At the end of the year, the index rose to 240 and the market value of the investments was ₹ 11,00,000.

Find out the profit or loss at the end of the year on the basis of purchasing power.

(iii) Give the meaning of Social Accounting.

(C) State whether the following statements are **true** or **false**. Rewrite the false statements correctly. **3**

(i) The concept of Inflation Accounting considers the effect of both general as well as specific price changes.

(ii) There is no need to provide depreciation on natural resources under Environmental Accounting.

(iii) The difference between the sales price and the production cost of a product is the value added per unit.

4. (A) Discuss the advantages and disadvantages of Budgetary Control. **7**

**OR**

With the help of the following information of Jayanti Ltd., calculate BEP in units, BEP in rupees and the Margin of Safety ratio :

| | ₹ | ₹ | ₹ |
|---|---|---|---|
| Estimated Sales (1,00,000 units) | | 20,00,000 | |
| Less : Variable Cost | 12,00,000 | | |
| Fixed Cost | 4,00,000 | 16,00,000 | |
| Net Profit | | | 4,00,000 |

(B) Attempt any **two** of the following : **4**

(i) Give the meaning of the term 'Differential Cost'.

(ii) Explain 'Sunk Cost' with illustration.

(iii) What do you mean by CVP analysis ?

(C) Answer the following in brief : **3**

(i) What are the various types of budgets as per the functional classification ?

(ii) What type of a Budget is prepared when the accurate forecast of sales and revenues are not possible, demand is uncertain and level of production is unstable ?

(iii) Define a Variable Cost.

5. (A) Dinesh Ltd. manufacturers two products A and B for which similar processes are used. The production details are as under : **7**

| **Particulars** | **A** | **B** |
|---|---|---|
| Units produced | 30,000 | 42,000 |
| Direct Labour Hours per unit | 3 | 6 |
| Machine hours per unit | 9 | 3 |
| Nos. of Set-ups during the year | 30 | 120 |
| Orders handled during the year | 45 | 180 |

**Overheads :**

| | ₹ |
|---|---|
| For machine activity | 13,20,000 |
| For production Set-ups | 1,20,000 |
| For handling of orders | 2,70,000 |
| | 17,10,000 |

Calculate the Production Overhead rate for per unit as per Activity Based Costing Approach.

**OR**

Distinguish between the traditional Approach and the ABC approach of costing.

(B) Answer in brief any **two** : **4**

(i) Give the meaning of the term 'Responsibility Accounting'.

(ii) Give the names of various centres under Responsibility Accounting.

(iii) What is 'Forensic Accounting' ? Explain it in brief.

(C) State whether the following statements are **true** or **false**. Rewrite the false statements correctly. **3**

(i) Responsibility Accounting is based on the assumption that every cost incurred must be the responsibility of one person somewhere in the organization.

(ii) It is mandatory that all forensic Accountants must be Chartered Accountants.

(iii) The implementation of the activity based method of Costing is more expensive than the traditional method.